# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

એ જ છે લડત પણ લડવૈયા બદલી ગયા!
છે રામદેવ એજ અન્ના, તેવર બદલી ગયા!
બદલી ગયા કેજરીવાલ, ઝાંખા પડ્યાં 'કિરણ'-
રામલીલાની ભવાઇમાં, રાવણ બદલી ગયા!!

## હાઈકુ

ખાધા 'તમાચા'
હવે 'વ્હાલની' ટપલી
નામ બદલ્યું!!
(સમજૂતિથી અન્યાય)
(જુની જાહેરાત)

ફેલાસે હવે
વિકાસની 'સૌરભ'
ફ્લેવર ચેંજ

## ચિંતન

**માનિનો હત માનસ્ય માનો અપિ ન સુખપ્રદઃ જીવનં માનમૂલં હિમાન મ્લાને કુતઃ સુખમ્ ॥**

'એક વખત જેનું માન ભંગ થયું હોય એવા સ્વમાની પુરુષને પછી સમજાવી પટાવી-ક્ષમા માગીને પણ પછી જો માન આપવામાં આવે તો પણ એ 'માન' - 'સન્માન'થી એને સુખ કે આનંદ થતો નથી. કારણ કે જીવન માનમૂલક છે. સ્વમાની જીનનનું જ ગૌરવ છે એટલે જો માન ઝાંખુ પડી જાય તો પછી સુખ કયાંથી મળે?'

કોઇ પણ વ્યક્તિનું એકવાર અપમાન થાય પછી હૃદય-દિલ ભાંગી જાય છે એકવાર પડેલી તિરાડ ફરી સંધાતી નથી અને સંધાય તો પણ એનો કાપ તો રહી જ જાય છે.

સ્વમાની લોકો સાથે સંબંધ રાખવામાં ખૂબ સાચવવું પડે નાની વાતે પણ જો એ અપમાન અનુભવે તો એ દુઃખી થઇ જાય છે. ખરેખર તો બધા લોકો સાથે વિનય અને આદરપૂર્વક જ વર્તન-વ્યવહાર કરવો જોઇએ.

## સુવિચાર

- વર્તમાન જગતમાં જે થોડો ઘણો સદભાવ દેખાય છે તેના મૂળમાં બુદ્ધિ નથી હૃદય છે, દ્વેષ નથી પ્રેમ છે **- રમેશ ઓઝા**
- સુખ એ બાહ્યરી વૃત્તિ છે અને આનંદ એ અંદરનો પ્રવાહ છે, બાહ્ય અને આંતરિક વૃત્તિ વચ્ચે તાલમેલ સધાય તો દિવ્યતાનો ચોક્કસ અનુભવ થાય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- જીવનને કૃતાર્થ કરવાની કળા તેનું નામ જ ધર્મ, કારણ કે જીવન એ પરમાત્માની બક્ષિસ છે, ધર્મ કળા જેટલી ઊંચી એટલે અંશે જીવનનું માંગલ્ય, જીવનનું સૌંદર્ય અને જીવનની ઉપયોગીતા વધારે **- ધર્મસૂત્ર**
- તું પાંડવ, તું કૌરવ મનવા, તું જ રાવણ તું જ રામ, હૈયાના આ કુરુક્ષેત્ર પર, પળપળનો સંગ્રામ **- પવન ત્રિવેદી**
- ના પાડવી ન ગમે એવી વ્યક્તિ કંઇક માંગે અને એ ન આપી શકાય ત્યારે અનુભવાતી લાચારી ખૂબ ઉદાસ કરી મૂકે છે **- જનકલ્યાણ**
- ભરોસા રખ્ખો રબ પર તો જો તકદીર મે લીખા હૈ વો પાઓગે, પર, ભરોસા રખ્ખો અગર ખુદ પર તો વો વોહી લીખેગા જો તુમ ચાહોગે **- નવનીત**
- સફળતા દરમિયાન દસ આંગળીઓ દ્વારા પાડવામાં આવતી તાળીઓ કરતાં, નિષ્ફળતાના સમયે એક આંગળી દ્વારા લૂછવામાં આવતાં આંસુ વધુ મૂલ્યવાન હોય છે **- અખંડ આનંદ**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

એમ કહેવાય છે કે કસ્તૂરી-મૃગની નાભિમાં જ દૈવી-કસ્તૂરી ઉત્પન્ન થાય છે. (જો કે કાશ્મીરમાં તો એનાં ખેતરો છે એની આપણને જાણ છે જ) આ કસ્તૂરી મૃગ, કસ્તૂરીની સુગંધથી તેને ખાવા અને શોધવા ખૂબ દોડાદોડ કરે છે પણ ખૂદને ખબર નથી એ સુગંધ એની 'નાભિ'માં જ છે.

એક ભાઇ યાત્રા કરી આવ્યા-આખા ભારતની - દોઢ મહિને પાછા આવ્યા. તેમના દર્શને હું ગયો - ત્યાંના મંદિર અને ભગવાનના વર્ણનને બદલે - રહેવા - જમવાની હાડમારી, પૂજારી-પંડાઓની લાલચી વૃત્તિની જ લાંબી કથા કરી - ઉઠતાં ઉઠતાં મારાથી બોલાઇ જવાયું - તમે યાત્રાએ ગયા હતા શું કામ - જુઓ કહેવત તો એવી છે કે 'મન ચંગા તો કથરોટ મેં ગંગા..'

રસ્તામાં વિચાર આવ્યો આપણે પણ કસ્તૂરી મૃગ જ છીએ ને! પરમાત્મા આપણી અંદર નાભિમાં જ છે છતાં હિમાલયથી કન્યાકુમારી સુધી દોડાદોડી નથી કરતાં?!

આત્મા જ પરમાત્નો અંશ છે અને સત્ય સદાચારથી યાત્રા કરવાથી જ તેના દર્શન આપણને થઇ જાય છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# નૉટીફિકેશન એલર્ટ...!! સ્માર્ટ ફોન અને સ્માર્ટ વર્ક વચ્ચેની સ્માઈલી...!!

## જિંદગીના મધ્યાંતરે આવીને તમે, એને કાટખૂણે વાળી હસતી કરી દીધી
## નહિતર વિમાનની સફરમાં અમે, પ્રાઇસ ટેગના હાસ્યથી જીવતાં હતા

'સર, ચૉકલેટ પ્લીઝ' ઈન્ડિગોથી કલકત્તા ફલાઈટમાં પ્રવાસ કરતાં હેમાંગને ચૉકલેટ જેવાં જ મીઠાં સ્વરમાં એર હોસ્ટેસ હિમાનીને ટહુકો કરી ટ્રે આગળ ધરી.

'કેમ, તમારી બર્થ ડે છે' કહી હેમાંગ હસ્યો અને એની કોમેન્ટ પર એર હોસ્ટેસ પણ ખડખડાટ હસી પડી.

'તમારી બોલી પરથી તો તમે ગુજરાતી લાગો છો. મોટા ભાગે ગુજરાતી છોકરીઓ એર હોસ્ટેસ બનતી નથી. પણ તમારો ટૉન ગુજરાતી છે.' હેમાંગે એના અનુભવના જોર પર હિમાની સાથે વાત કરી.

'આજે ૨૧મી ફેબ્રુઆરી વિશ્વ માતૃભાષા દિવસ છે. શક્ય હોય તો આજે આપણે ગુજરાતીમાં વાત કરીએ તો વધુ ગમશે.'



Hello ફ્રેન્ડસ!

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

'જી, એગ્રી વીથ યુ' કરી હિમાની પોતાના અંગ્રેજી વળગણ પર સંકોચાઈ, એટલામાં એકબીજા એટેન્ડસની લાઈટ થતાં ત્યાં એ ચાલી નીકળી...

હિમાની એનું કામ પતાવી પોતાની જગ્યાએ આવીને બેઠી. એના હાથમાં 'ગ્રાબીએલ માર્કેજ' પુસ્તક હતુ. છેલ્લા ચાર અઠવાડિયાથી એ બુક વાંચીને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરતી હતી. પણ આજકાલ એકધાર્યું વાંચવાનું અઘરું થઈ ગયું છે... એ વિચારમાં ખોવાયેલી હતી...

અમદાવાદની ઢાળની પોળમાં એ રહેતી હતી. ઢાળ પરથી વિમાન રગડાવવાનો નાનપણનો શોખ. એને આકાશમાં ઉડતાં વિમાન જોઈ આશ્ચર્ય થતું. પક્ષીઓને પાંખ હોય ઊડી શકે, વિમાન કેવી રીતે ઊડતું હશે? એને પાયલૉટ બનવું હતું, વિમાન ઉડાળવું હતું. કરિઅરના વર્ષોમાં ગરબા અને નાટક વચ્ચે નેવુંનો આંકડો પાર ન થયો અને ગોલ રિસેટ કરવો પડ્યો. રૂપાળી હતી, સ્માર્ટ હતી એટલે એર હોસ્ટેસ બની વિમાનમાં સવાર થવું એવું નક્કી થયું... મમ્મીનો વિરોધ અને પપ્પાના સપોર્ટ વચ્ચે કાર્યક્રમ સફળ થયો...



હં... તો વાત એ હતી કે રૂપિયા આવ્યા અને ઢાળની પોળમાંથી વસ્ત્રાપુર લિફ્ટવાળા હાઈરાઈઝ સ્પેશિયલ ફલેટમાં આવી ગયા. ગેલરીમાં બેસીને વાંચવાની ટેવ. ચકલી, કાબર, બુલબુલ પેલા જૂના ઘરમાં આવતા, અહીં આ પક્ષીઓ ખોવાયેલા હતા... જાણે પોળમાંથી આવ્યા અને ગુજરાતી ભાષા અને પક્ષીઓની જેમ પરાઈ થઈ. અહીં કબુતર અને કાગડા આવતાં હતા. જે હિમાનીને ગમતાં નહોતા. અંગ્રેજી અને હિન્દી ભાષા પણ એને કાગડાં-કબુતરા જેવી લાગતી, પણ જિંદગીમાં કંઈક મેળવવા કંઈક ગુમાવવું પડે છે એવું માની મન મનાવી લેતી...

હં... તો વાત તો પેલી વાંચવાની ચાલતી હતી... એકંદરે હિમાનીને વાંચન અશક્ય કેમ હતું? જવાબ એક જ શબ્દમાં... સ્માર્ટ ફોન... આપણે ઘરનાં કોઈને કશું ન સાંભળીએ પણ એ બોલ્યો એટલે વધુ પડતું મૂકી એને વ્હાલા બચ્ચાંની જેમ ઉપાડી લેવાનો! એની ડિમાન્ડ પણ કેટલી? વ્હોટ્સ એપની ડેટ પતી એટલે ફૅસબુકની 'એપોઈન્ટમેન્ટ'... એમાં બધાંને લાઈક, કોમેન્ટ્સ આપીને પરદો પાડીએ ત્યાં 'ટ્વિટર' ની દુકાન ખોલીએ... સ્નેપચેટ પર બીજાના આવેલા સેલ્ફી તમારાં સ્માઈલીની રાહ જોતા હોય છે!

આ સેલ્ફીમાં પાછું કંઇ નવું હોય એવું કશું નહી. એના એજ ચહેરા એ જ એન્ગલ અને કેયારેક તો કપડાં પણ... પણ, થાય છે એવું કે લાલ રંગનું નોટિફીકેશન એલર્ટ આવે એટલે ખોલવું તો પડે... ખૂલ્યા બાદ પોલ ખૂલે કે દુનિયા ગોળ છે. બધાં મેસેજ હરીફરીને પાછા આવે છે. અમારી ફલાઈટની જેમ જ... એ જ યુનિફોર્મ, પ્રાઇઝ ટેગ વાળુ સ્માઈલ, સેલ્ફીના નિયમોની એક્ટિંગ અને પુરુષોની લાલચુ નજરો..! પણ જેમ એ મેસેજ ખોલીએ અને નોટિફિકેશન એલર્જ જાય એટલે હાશકારો થાય એમ જ ફલાઈટ લેન્ડિંગ થાય, એરપોર્ટ આવે એટલે હાશકારો થાય...!

તો... વાંચન હિમાની માટે મહત્ત્વનું ખરું. કારણ વિવિધ પ્રાંતના અને વિવિધ ક્ષેત્રના મુસાફરો આવે બધાંને સમજવા અને સેવા આપવી. એર સર્વિસ સારી મળ કસ્ટમર વધે તો તો એમનાં હાસ્યની કિંમત પણ વધે એવું એને ખબર હતી... આમ તો હિમાનીને ખબર જ હતી કે એની કરિઅર બહુ લાંબી નથી. જયાં સુધી ચુસ્ત છે, કરચલી વગરનું સ્મિત છે ત્યાં સુધી જ આ જાહોજલાલી છે... બધાંને તો એમ જ કે અમારે કેટલા જલ્સા, મસ્ત અહીંથી ત્યાં ઊડવીનું, પણ ત્રણ કલાક ફોન બંધ હોય, બે કલાક પેસેન્જર્સની સેવા અને બાકી એકાદ કલાક ઈતર તૈયારી, એકદમ હેક્ટિક શિડ્યુઅલ, વચ્ચે ૧૦-૧૫ મિનિટ મળે તો કશુંક વાંચી લઈએ...

તો... આ રૂટીન લાઈફમાં કયાં સમય કાઢવો વાંચવા... એમાંય જો કોઈ ફિલ્મ સ્ટાર્સ, ક્રિકેટર ફલાઈટમાં ચઢે એટલે એમનાં નજરાં પુરા કરવાના, પેસેન્જર એમની સાથે ફોટા પડાવવા પડાપડી કરી મુકે, એમને વ્યવસ્થિત બેસાડવાની વધારાની ઉપાધિ.... નેતાઓનો તો ભારે વટ, અહંકાર ખરો અને નજર તો દુર્યોધન-દુષાશનના ભાઈ જેવી, તક મળે તો અડપલાં કરવાનું પણ ચુકે નહીં... અમને તો આ બધાંની ટેવ પડી ગઈ છે... પણ કયારેક ખુબ સારા પ્રવાસી પણ આવે, દીકરી કે બહેન જેવો આદર આપે ત્યારે બીજા પ્રવાસી માટેની બધી કડવાસ દૂર થઈ જાય... એને અચાનક યાદ આવ્યું...

અરે... પેલા ગુજરાતીના ગુણગાન ગાતો પ્રવાસી કયાં ગયો...??

હિમાનીએ નજર ઊંચી કરી તો હેમાંગ એની આજુબાજુ ઊભો હતો... 'પ્રભાતનું લાલિત્ય જોઈ ફરી જીવવાનું મન થયું, હમણાં જ સંકેલી'તી પાંખને, ફરી વિસ્તરવાનું મન થયું' હેમાંગે ગુજરાતીનો શૅર સંભળાવી એના હાથમાં 'માતૃભાષાનું મહત્ત્વ' નામનું પુસ્તક મુકી દીધું...

'કશેક અટકું છું તો ઈશારો આપે છે કોઈ, કશેક ભટકું તો સાથ આપે છે કોઈ, ઈચ્છાઓ એક પછી એક વધતી રહે છે, દર વખતે ઠોકર પછી હાથ આપે છે કોઈ' હિમાનીએ પણ ગુજરાતી ગઝલના એક શૅર સાથે હેમાંગને જવાબ આપ્યો... એરક્રાફટના ક્રુ કેબીનમાં હિમાની - હેમાંગ હવે ગુજરાતીમય બની રહ્યાં હતા... કૉફીના કપ સાથે હિમાનીએ એ જ ગઝલનો બીજો શૅર પણ સંભળાવ્યો. 'આભને આંબવા હાથ ઊઠાવું છું કયારેક તો, આભને થોડુંક નીચે કરી આપે છે કોઈ, હે ઈશ્વર ! તારું જ શરીર છે આ, અને આત્માય, તૂં જે આપી શકે છે, કયાં આપી શકે છે કોઈ?'

તો... આજે હિમાની ખુશખુશાલ હતી. જિંદગી એકદમ રૂટીન બની હતી. એના આ એક પેસેન્જરે આવીને નવી દિશા-નવો ઉત્સાહ ભરી દીધો. કયારેક માણસની લાઈફમાં એકાદો પ્રસંગ કે વ્યક્તિ આવે એક જોરદાર એનર્જી કે જીવવાનું ઈજન આપી જાય છે... હિમાની, એર હોસ્ટેસ એના વ્યાવસાયીક હાસ્યની જગ્યાએ આજે વાસ્તવિક હાસ્ય સાથે કૉફીનો સિપ લઈ રહી હતી... કલકત્તા આવવાનું એનાઉન્સમેન્ટ થયું, બધાને સિટ બેલ્ટ બાંધવાની સૂચના અપાતી હતી અને હિમાની પણ 'તારાથી જુદા થવાનો બસ આટલો જ ફર્ક પડ્યો કે તારું કંઈ ગયું નહીં અને મારું કંઈ રહ્યું નથી' ના શૅર સાથે એનું પર્સ મલકાતે મોંઢે પેક કરવા લાગી...

ચૂંટલો :

આજના આ ફાસ્ટ અને ફેન્ટસી લાઇફમાં સ્માર્ટ ફોન અને સ્માર્ટ વર્કની વચ્ચે જે આર્ટિફીશીઅલ સ્માઇલ પ્રાઇસટેગ સાથે લટક્યું છે એમાં એકાદો નેચરલ પ્રસંગ કે વ્યક્તિ મળે તો હૃદયમાં છુપાયેલું નિર્મળ હાસ્ય આપોઆપ હોઠ પર આવી ચહેરો ખિલવી જાય છે.

# હું સવાર સાંજ ટ્યુશન ભણાવવા જતો, આખો દિવસ કોલેજમાં રહેતો અને ઘરે આવી અડધી રાત સુધી પોતાના પુસ્તકો વાંચતો, કયારેક કયારેક તો વાંચતા વાંચતા સવાર થઇ જતી, એ દિવસોમાં હું બહું ઓછું ઊંઘી શકતો

## નવાં કલેવર

- નટવર હેડાઉ

કેકટસના ફૂલોને ખીલવાની પ્રતિક્ષા હું વર્ષભર કરતો રહું છું. ત્યારે માંડ, એક રાત એ ખીલે છે. પોતાની સુગંધથી મને તરબતર કરવા માટે, તે ખીલે એ સાથે જ અસંખ્ય કીટકો-પતંગીયાઓ તેની આસપાસ મંડરાવા લાગે છે. અને એ બધાં તેનો મકરંદ પીને ઉન્મત જેવાં દેખાય છે. પણ હું ફક્ત મૂક દર્શકની જેમ તેના અનુપમ સૌંદર્યને અપલક જોતો રહું છું. ઈચ્છવા છતાં પણ હું કયારેક તેને તોડવાનું સાહસ કરી શક્યો નથી. તેના કાંટાઓ કરતાં વધુ એ વાતે ભયભીત રહેતો કે હું તોડું ને એ કરમાઈ ન જાય.

હું એવી રીતે જીવતો હતો. એવા ભ્રમમાં કે એ મારી છે અને એ પણ મને એટલો જ પ્રેમ કરે છે જેટલો હું તેને. તે મારો એટલો જ ઈન્તજાર કરતી રહે છે જેટલો હું તેને મળવા આતુર રહું છું. મારા વિના તેને પણ પોતાનું જીવન અર્થહીન પ્રતિત થાય છે. તે મારા વિના એકલતા અનુભવે છે. જયારે હું તેની આંખ સામેથી દૂર થઈ જાઉં છું ત્યારે વ્યાકુળ થઈને તેની નજરો મને શોધે છે. જો કે વાસ્તવિકતા શું છે એ તો મારાથી વધુ બીજું કોઈ જાણી શકે?

ફોનની ઘંટડીના રણકારે એક ક્ષણમાં મારા સપનાના સોનેરી સંસારને ઉજાડી દીધો. એ સંસાર કે જેને મેં રાતદિવસ યત્નપૂર્વક સજાવ્યો સંવાર્યો હતો. ફોનની એક ઘંટડીથી એ વિખેરાઈ ગયો.

આજ મને એવું લાગી રહ્યું હતું. જાણે કે હું કંગાળ થઈ ગયો છું. મને મારું સર્વસ્વ લૂંટાઈ ગયું છે. હું જીવતો શું કામ છું અને સમજી શકતો નથી. કોણ જાણે કેમ બધું અર્થહીન લાગતું હતું. મારા આ જીવન જેને લોકો સાર્થક સમજતા હતા. અને આવું જીવન મળે તે માટે લાલાયિત રહેતા હતા. એ જીવન તેના કારણે હું સૌના આકર્ષણનું કેન્દ્ર બની ગયો હતો. અને એ જીવન જેને લોકો મારાં અનેક પુણ્યોનું ફળ માનતા હતા.

પરંતુ લોકો એ વાત જાણતા નહોતા કે કેવી તૃષ્ણા, પીડા અને એકલતાથી મારું જીવન ભર્યું પડ્યું છે. તેઓ એ પણ નથી જાણતા કે જેને તેમને આશાનો પ્રકાશ સ્તંભ માન્યો હતો ત્યાં આજ અમાવસ્યાની રાત જેવી કાલિમા છવાઈ છે. હવે તો હું મારી ભ્રમજાળ તોડવાનું સામર્થ્ય પણ ખોઈ ચૂક્યો છું.

હું વર્ષો સુધી રણમાં સપનાના સોનેરી મહેલ બનાવતો રહ્યો. પોતાના માટે મધુર જળસ્ત્રોત શોધતો રહ્યો. પણ મારી ભીતરની મૃગ તૃષ્ણા તૃપ્ત ન થઈ શકી.

આ એ સમયની વાત છે જયારે હું એમ.એસ.સી. નો વિદ્યાર્થી હતો. બાળપણમાં જ મારા પિતાનું મૃત્યુ થઈ ગયું હતું. અમે પાંચ ભાઈ બહેનો હતાં. મોટી બહેન એક ખાનગી શાળામાં ભણાવતી હતી. કુટુંબ મોટું હોવાને કારણે પિતા ને કારણે માં ને મળનારું પેન્શન અને મોટી બહેનનો પગાર મળીને ઘર ખર્ચને પહોંચીવળી શકાતું ન હતું. જેથી મેં પણ ટ્યુશન ભણાવવાનું શરૂ કરી દીધું. જેથી ઓછામાં ઓછું મારા ભણતરનો તો ખર્ચો નીકળી શકે.

હું સવાર સાંજ ટ્યુશન ભણાવવા જતો. આખો દિવસ કૉલેજમાં રહેતો અને ઘરે આવી અડધી રાત સુધી પોતાના પુસ્તકો વાંચતો. કયારેક કયારેક તો વાંચતા વાંચતા સવાર થઈ જતી. એ દિવસોમાં હું બહું ઓછું ઊંઘી શકતો.

એ દિવસોમાં મારા પર બસ એક જ ઝનૂન સવાર થયેલું હતું કે હું મારી જાતને એટલી લાયકાત કેળવું કે માં ભેટપરીને ખાઈ શકે, મોટી બહેનનાં સપનાં પુરાં થઈ શકે અને હું મારા નાના-ભાઈ બહેનોની નાની મોટી ઈચ્છાઓ પુરી કરી શકું.

મારા આ લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે હું રાત દિવસ મહેનત કરતો હતો.

હું મારા કલાસમાં સૌથી આગળ રહેતો તેથી બધા શિક્ષકોને હું પ્રિય હતો. મારી કૌટુંબિક સ્થિતિ કોઈથી છૂપી ન હતી. તેથી સૌના હૃદયમાં મારા માટે સહાનુભૂતિ હોય એ સ્વાભાવિક હતું. એ જ કારણે જયાં પણ મારે કોઈની મદદની જરૂર હોય ત્યાં કોઈ મને ના પાડતું ન હતું. મોટા ભાગનાં પુસ્તકો મને મારા શિક્ષકો પાસેથી જ મળ્યાં હતા. અવારનવાર તેઓ મને સ્પર્ધાત્મક પરીક્ષાઓની માહિતી પણ આપતા રહેતા હતા.

જયારે મને મોકો મળે ત્યારે હું કોઈને કોઈ પરીક્ષા માટે અરજીઓ કર્યા કરતો. કોમ્પીટીશનનાં ફોર્મ ભરતાં રહેવાને કારણે મારો ખર્ચ વધવા લાગ્યો. મને ચિંતા થતી કે હવે રૂપિયાની વ્યવસ્થા કયાંથી કરીશ. નસીબજોગે તે સમયના મારા સહાધ્યાયી એ જયારે મને તેની બહેનને ટ્યુશન ભણાવવાની વિનંતી કરી તો તેને હું નકારી ન શકયો.

જો કે તે વખતે મને સમય બહુ મળતો ન હતો. પણ મારે રૂપિયાની ખુબ જરૂર હતી. મારા મિત્રની બહેન મારી કૉલેજમાં જ બી.એસ.સી.ની સ્ટુડન્ટ હતી.

મેં વિચાર કર્યો કે તેને ભણાવવાની સાથોસાથ મારી કોમ્પીટીશનની તૈયારી પણ થઈ જશે. અને મને આર્થિક મદદ પણ મળી રહેશે. તેથી મેં તેને ભણાવવાનો નિશ્ચય કર્યો.

બીજા દિવસે સવારે હું નક્કી થયેલ સમયે ટ્યુશન ભણાવવા તેના ઘરે પહોંચી ગયો. તેનું ઘર મને સહેલાઈથી મળી ગયું. કેમ કે તેના ઘરની નજીકમાં જ હું બીજા બાળકોને ટ્યુશન ભણાવવા જતો હતો.

દરવાજો બંધ હતો. હું એ આલીશાન બંગલાને જોતો જ રહી ગયો. તે વખતે મારું ધ્યાન મારી જૂની સાયકલ પર ગયું. મને સમજ પડતી નહોતી કે તેને હું બહાર ઊભી રાખું કે અંદર લઈ જાઉં. બહાર ઊભી રાખું તો ચોરાઈ જવાનો ભય હતો. અને અંદર લઈ જતાં મને સંકોચ થતો હતો કે કોઈ ટકોર ન કરે.

હું વિચાર કરતો જ હતો ત્યાં મેં રાજેશ્વરને દરવાજો ખોલતાં જોયો. તેણે આત્મીયતાથી મને કહ્યું. 'શિવ સાયકલ અંદર લઈ આવ. અમે તારી જ રાહ જોતા હતા.'

મારી સાયકલ ઊભી રાખીને જયારે હું ઘરની અંદર જવા લાગ્યો ત્યારે માટીવાળા મારાં સેન્ડલ મેં બારણાની બહાર ઊતાર્યા. રાજેશ્વરે પણ મને સેન્ડલ ઉતારતાં રોક્યો નહીં. કદાચ તેને પણ પોતાના ઘરની ચમકતી ફર્શ અને તેના પર બિછાવેલ કિંમતી ગાલીચો ગંદો થવાની ચિંતા થઈ હશે. જે હોય તે....

રાજેશ્વરે તેના માતાપિતા સાથે મારો પરિચય કરાવ્યો. તેના પિતા, દરેક પિતાની જેમ જરા કડક લાગ્યા. પણ તેની મા બહુ દયાળુ લાગતી હતી. તે બંનેના સ્વભાવનો અંદાજ મેં તેમના વહેવારને આધારે લગાવ્યો. કેમ કે હું જયારે ઉઘાડા પગે ઘરમાં દાખલ થયો ત્યારે રાજેશ્વરની માતા એ મને ખુબ સ્નેહપૂર્વક કહેલું, 'બેટા, સેન્ડલ ઉતારવાની કયાં જરૂર હતી.' પણ હું કંઈ જવાબ આપું તે પહેલાં રાજેશ્વરના પિતાએ ઝટ દઈને કહ્યું, 'કંઈ વાંધો નહીં, તે સારું કર્યું, રાજ તું એને સ્ટડી રૂમમાં લઈ જા.'

'જી બાપુજી,' કહેતા રાજેશ્વર મને સ્ટડી રૂમમાં લઈ ગયો. ત્યાં તેણે તેની બહેનનો પરિચય કરાવતાં કહ્યું, 'શિવ આ છે મારી બહેન મોહિની, આજથી તારી સ્ટુડન્ટ, તું તેને ભણાવ. હું જાણું છું. કહી એ ત્યાંથી જતો રહ્યો.'

મોહિની તેના નામને અનુરૂપ મન ને મોહિત કરી દે એવી હતી. જયારે રાજેશ્વરે તેની સાથે મારો પરિચય કરાવ્યો તે સમયે જે વિનમ્રતાથી તેણે મને પ્રણામ કર્યા તે જાતનું અભિવાદન કોઈ સંસ્કારી છોકરી જ કરી શકે. કેમ કે મોટા ઘરની છોકરીઓ તો મોટેભાગે 'હાય' અને 'હેલ્લો' કહી હાથ મિલાવી પરિચય કેળવવાનું પસંદ કરતી હોય છે.

તેણે ઝટપટ પોતાનું પુસ્તક કાઢ્યું અને મને પોતાની મુશ્કેલીઓ જણાવવા લાગી. લગભગ એક કલાક હું તેની સમસ્યાઓનું સમાધાન કરાવતો રહ્યો. મેં જોયું કે જયારે તે કોઈ પ્રશ્નને હલ કરવાનો નવી અને સરળ રીત શીખી લેતી હતી તો તેની આંખમાં ખુશીની એક ચમક આવી જતી હતી. તે દિવસથી હું દરરોજ તેને ભણાવવા જવા લાગ્યો.

લગભગ દસ પંદર દિવસ પછી જયારે એમે કલાસમાં બેસી ટીચરને આવવાની રાહ જોતા હતા ત્યારે રાજેશ્વરે મને કહ્યું, 'શિવ તેં તો મારા ઘરમાં મારો કોલર ઊંચો કરી દીધો.'

મને સમજ પડતી નહોતી કે મેં એવું તે શું મોટું કામ કરી નાંખ્યું છે જેના કારણે રાજ મારાં આટલાં વખાણ કરે છે. કેમ કે જયારે હું તેના ઘેર જતો ત્યારે કયારેય એટલો સમય મળતો જ નહીં કે કોઈની પાસે રાજના વખાણ કરું કે તેની નિંદા કરી શકું. તેથી મેં તેને પુછ્યું 'કઈ રીતે'

'શિવ, તને ખબર છે જયારે તું પહેલીવાર મારે ઘરે આવ્યો, ત્યારે મારી દયામણી હાલત જોઈને મારા બાપુજીને એમ લાગેલું કે હું તને કયાંથી પકડી લાવ્યો છું અને તું વળી તેમની કોન્વેન્ટ એજ્યુકેટેડ દીકરીને શું ભણાવવાનો હતો. પણ આજ જયારે મોહિનીએ બાપુજીને કહયું કે તું તો ચપટી વગાડતાંમાં જ મોટામાં મોટાં પ્રોબ્લેમ સોલ કરી દે છે.'

ત્યારે તેમણે ઘરમાં સૌની સામે મારી વાંસો થપથપાવતાં કહ્યું, 'વેલડન, રાજેશ્વર! હવે લાગે છે કે ખરેખર તું મોટો થઈ ગયો છે. કેમ કે હવે તમે સારા નરસાંને પારખતાં આવડી ગયું છે.'

રાજ સહજતાથી મને તેના બાપુજીએ કહેલું એ બધું કહેતો હતો. પરંતુ તેનો એક એક શબ્દ મને સતત મારી નિર્ધનતા અને લાચારીનો અહેસાસ કરાવતા હતા. આજ પહેલીવાર મને મારા બિચારાપણાનો અનુભવ થયો.

બીજે દિવસે જયારે હું રાજેશ્વરના ઘેર જતો હતો ત્યારે ફરી તેને એક એક શબ્દ મને યાદ આવવા લાગ્યો. અને હું હંસી પડ્યો. હું વિચારતો હતો કે 'એ તો સ્વાભાવિક જ છે કે કોઈ પણ વ્યક્તિનો પ્રથમ પરિચય તેની વેશભૂષા અને દેખાવથી જ થાય છે.'

જો રાજેશ્વરના પિતાએ મારાં જૂનાં કપડાં દુબળો પાતળો દેહ, જાડા કાચવાળા જૂના ચશ્મા જોઈને મારી બાબતે ખોટી ધારણા બાંધી હોય તો એમાં એમનો શો વાંક?

**(ક્રમશઃ)**

# સંબંધમાં ઝુકવાની અને નમતું જોખવાની કળા

## પ્રેમમાં પણ કોઇ અપેક્ષા કે લેવડદેવડ યા ફરજ નિભાવવાનો ભાવ હોવો જોઇએ નહીં, પરસ્પર સમજણનો સેતુ ગાઢ-પ્રગાઢ હોવો જરૂરી છે, એક વ્યક્તિ કશું પણ ન બોલે અને બીજી વ્યક્તિ બધું જ સમજી જાય એનું નામ પ્રેમ

## ગુલમહોર

- દિનેશ દેસાઈ

મહાન જર્મન લેખક, ફિલસૂફ, સાયકોલોજીસ્ટ, સાયકોએનાલિસ્ટ, લોકશાહી સમાજવાદી ચળવળકર્તા એરિક ફ્રોમ (૧૯૦૦-૧૯૮૦) આમ તો ધ આર્ટ ઓફ લવિંગ પુસ્તકથી વધુ જાણીતા છે. તેઓ કહે છે કે પ્રેમ જીવનનું રસાયણ છે. પ્રેમ જીવનની ર્જા અને ઉષ્મા-સુષ્મા છે. પ્રેમ માગવાનો ન હોય. આપીને પામવાનું નામ એટલે પ્રેમ. પ્રેમ કદી ક્યારેય કોઈને ઝુકાવે નહીં. પ્રેમ ઝુકી જાય છે, પણ કોઈને ઝુકાવવા કે નીચા દેખાડવાનું પસંદ કરતો નથી.

સંબંધ કોઈ પણ હોય પરંતુ એમાં અહમનો ટકરાવ હોવો જોઈએ નહીં. લાગણી દિલથી હોવી જોઈએ, ફક્ત શબ્દોના સાથિયા પુરવાનો કોઈ અર્થ નથી. માત્ર દેખાડો અથવા બાહ્યાડંબર કરવાથી સંબંધમાં મધુરતા લાવી શકાતી નથી. દરેક સંબંધમાં ઝુકવાની અને નમતું જોખવાની કળા હોય એ વ્યક્તિ જ શ્રેષ્ઠ સાબિત થાય છે. જેને સંબંધ નિભાવતા આવડે છે તે હંમેશા જતું કરવાની ભાવના, લેટ ગો કરવાનો અભિગમ રાખે છે. જો કે જતું કરવાની ભાવના એટલે સંબંધ જાળવી રાખવા માટે એક જ પક્ષને ગરજ છે, એવો અર્થ કાઢવાની ભુલ કરવી જોઈએ નહીં.

જયાં સુધી આપણે આપણી જાતને બીજાની નજરથી તોલવા-જોખવાનો પ્રયાસ કરીશું ત્યાં સુધી આપણે પાછળ અને પછાત જ રહીશું. એ જ રીતે જયાં સુધી આપણે અન્ય કોઈથી આગળ રહેવાનો પ્રયાસ કરતા રહીશું ત્યાં સુધી આપણે આપણી જાતને પાછળ જ હોવાનું અનુભવીશું. જેણે આગળ રહેવા પ્રયાસ કર્યો તે હંમેશા અનુભવી શકે છે કે તે કાયમ પાછળ જ છે. જે વ્યક્તિ સ્પર્ધા કરે છે તેના ભાગે હારવાનું જ આવે છે.

મહાન વિચારક લાઓત્સે કહે છે કે જે વ્યક્તિ આગળ જવાની જીદ ન કરે અને આગળ જવાની સ્પર્ધામાં ભાગ જ ન લે તે પોતાની જાતને આપોઆપ શ્રેષ્ઠતાની યાદીમાં સ્થાન મેળવી લે છે. જે લોકો દોડમાં સામેલ થઈ જાય છે તે આપોઆપ જ હીન બની જાય છે અને જે લોકો દોડની સ્પર્ધામાંથી બહાર નીકળી જઈને પાછળ ઉભા રહી જાય છે, તેની શ્રેષ્ઠતા આપોઆપ પુરવાર થતી જાય છે. કારણ કે તમે જો પાછળ હશો તો તમારી અને અન્યની કોઈ તુલના પણ નહી કરે. હવે જયારે કોઈ સાથે તમારી તુલના જ થવાની ન હોય તો તમે હીન કઈ રીતે હોઈ શકો. એટલે કે તમે પાછળ રહો છો ત્યારે તમે આપોઆપ જ હીનના વિકલ્પે શ્રેષ્ઠ સાબિત થઈ જાવ છો.

જયારે વ્યક્તિ ઝુકવાનું જાણવા લાગે છે ત્યારે એનામાં હીનતા કે લઘુતા પ્રવેશી શકતી નથી. શ્રેષ્ઠ વ્યક્તિ કેવળ એ જ છે કે જે વ્યક્તિ શ્રેષ્ઠતા સાબિત કરવા માટે કોઈ પ્રકારની દોડ કે સ્પર્ધામાં સામેલ થતી નથી, બલકે પોતાનું કર્મ અને કર્તૃત્વ કર્યે જ જાય છે.

દરેક સંબંધનું આયુષ્ય એ બાબત ઉપર આધાર રાખે છે કે વ્યક્તિમાં ધીરજ, સહનશક્તિ અને સંબંધ સાચવવાની ખેલદિલી કેટલી છે. માનવીય વ્યવહારોમાં એવું પણ બનતું રહેવાનું કે કોઈ વ્યક્તિનો કોઈ એક વ્યવહાર આપણને ન પણ ગમે. પરંતુ એટલા કારણસર વ્યવહાર કરનાર વ્યક્તિ ખરાબ ન હોઈ શકે. ભુલ થાય તો સુધારી લેવાનો અભિગમ એટલે ઝુકવાની કળા અને ભુલી જવાની, જતું કરવાની કળા. ઓશોએ પણ કહ્યું છે કે કોઈ પણ જાતના ગરજ અથવા મતલબ વિનાનો પ્રેમ હોય તો એ માનો પ્રેમ હોય છે. એ પછીના બીજા ક્રમે બે વિજાતિય વ્યક્તિ વચ્ચેના સંબંધના પ્રેમની વાત આવી શકે.

પ્રેમમાં પણ કોઈ અપેક્ષા કે લેવડદેવડ યા ફરજ નિભાવવાનો ભાવ હોવો જોઈએ નહીં. પરસ્પર સમજણનો સેતુ ગાઢ-પ્રગાઢ હોવો જરુરી છે. એક વ્યક્તિ કશું પણ ન બોલે અને બીજી વ્યક્તિ બધું જ સમજી જાય એનું નામ પ્રેમ. આ પ્રેમ એકબીજાને નુકસાન ન પહોંચાડે, એકબીજાનું ખરાબ ન કરે અને ખરાબ ઈચ્છે પણ નહી. પ્રેમમાં બદલાની કોઈ ભાવના ન હોય. પ્રેમમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિનું હંમેશા સારું અને બહેતર જ ઈચ્છે, એનું નામ પ્રેમ.

**સ્ટોપરઃ-**

વિશ્વમાંથી જો પ્રેમને બાદ કરી દેવામાં આવે તો દુનિયામાં શું બચે, વન, વૃક્ષો, પહાડો, નદીઓ, દરિયા...?

**- મા અમૃતાનંદમયી**